Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X



# ‘તત્વમસિ’ નવલકથામાં ભારતીય સંસ્કૃતિ અને નર્મદાનદીનું મૂલ્યદર્શન

**પ્રજાપતિ ભાવિકાબેન કરમશીભાઈ**
આસિ. પ્રોફેસર, ગુજરાતી વિભાગ,
શ્રી અર્બુદા યુવા એજ્યુકેશન ટ્રસ્ટ લાખણી સંચાલિત આર્ટસ કોલેજ

---

‘તત્વમસિ’ લેખક ધ્રુવભટ્ટ દ્વારા લખાયેલી અને ૧૯૯૮માં પ્રકાશિત થયેલી ગુજરાતી નવલકથા છે. આ નવલકથા માટે ૨૦૦૨માં કવિને ગુજરાતી સાહિત્ય અકાદમી પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. આ પુસ્તક આધારિત૨૦૧૮માં ગુજરાતી ફિલ્મ ‘રેવા’ રજૂ થઈ હતી. ધ્રુવ ભટ્ટ એટલે સાંપ્રત ગુજરાતી નવલકથા અને કવિતા ક્ષેત્રે મહત્વનું પ્રદાન કરનાર સર્જક.

‘તત્વમસિ’સર્જક ધ્રુવ ભટ્ટનીભારતીય સંસ્કૃતિ અને ભારતીયતાને ઉજાગર કરતી નવલકથા છે.‘તત્વમસિ’ ચાર ઉપનિષદીય મહાવાક્યોમાંનું એક છે.આ શબ્દનો સંધિ વિચ્છેદ કરતાં‘તત્’નો અર્થ ‘તે’‘ત્વમ્’નો અર્થ ‘તું’ અને ‘અસિ’નો અર્થ ‘છે’ થાય છે. એટલે કે ‘તે (મૂળતત્વ બ્રહ્મ) તુંજ છે.’ જે આત્માની અનન્યતા અને સર્વવ્યાપકતા દર્શાવે છે. સર્જક કહે છે કે,“અલગ ભાષા, જુદા રીતરિવાજો, જુદા ધર્મો અને બીજી અનેક ભિન્નતાઓ વચ્ચે પણ આ દેશની ભાતીગળ પ્રજામાં કંઈક એવું છે કે જે દરેક માણસમાં સરખું જડે છે. તે શું છે?– કેફીયતમાં લેખક જણાવે છે કે આ પ્રશ્નનો ઉત્તર મેળવવાની જીજ્ઞાસાથી જ ‘તત્વમસિ’લખાઈ છે એટલે સ્વાભાવિક રીતે જ તેમાં ‘ભારતીયતા’ ઉજાગર થતી હોય. આ નવલકથા નર્મદા નદીના કિનારે વસેલા લોકો, આદિવાસી સંસ્કૃતિ અને પ્રકૃતિ સાથેના તેમના અતૂટસંબંધ પર આધારિત છે. આ આદિવાસીઓની માન્યતાઓ, પરંપરાઓ,એમની શ્રદ્ધા અને અંધશ્રદ્ધામાં ડોકાતા ભારતીય સંસ્કૃતિના સત્વ અને તત્વને લેખક નર્મદાના પરિભ્રમણના દોરામાં ગૂંથીને આખી વાતને રજૂ કરે છે. નવલકથાના કેન્દ્રમાં નર્મદા નદી છે અને તે સંસ્કૃતિનું પ્રતીક છે. અહીં નર્મદા નદી સ્વયં એક પાત્ર થઈને વહી જાય છે. અહીં નર્મદાના જંગલોમાં વસતા અને નર્મદાને શ્વસતા વનવાસીઓની સામાન્ય કહેવાતી વાતોમાં પડઘાય છે ભારતીય સંસ્કૃતિનો અમર જયઘોષ.

નવલકથાની શરૂઆત નાયકની મૂંઝવણથી થાય છે. પોતાની સંસ્કૃતિ અને પરંપરા જેવા શબ્દો સમય સાથે સનાતન થઈ ગયા હોવાની વિભાવનામાં અટવાતા એક એવા યુવાનની વાત

છે, જેને પોતાના દેશની પરંપરાઓ કે સંસ્કૃતિના અભ્યાસ પ્રત્યે કોઈ ખાસ પ્રેમ નથી. તે પોતાના દેશમાં પાછો આવવા બદલ અણગમો અનુભવે છે અનેભારત આવ્યા બાદ તે આદિવાસી પ્રજા સાથેના સહવાસ બાદ તે ભારતીય સંસ્કૃતિ અને અભણ પ્રજામાં રહેલા અખૂટ પ્રેમ અને શ્રદ્ધાને પામે છે.

અહીં વાર્તા નાયક ને કોઈ નામ આપ્યું નથી. તે આજના યુવામાનસનું પ્રતિક છે. તેની ડાયરીના થોડા અંશ નવલકથા સ્વરૂપે આલેખાયા છે. કથા નાયક મૂળ ભારતીય છે વર્ષોથી અમેરિકામાં વસે છે ત્યાં તેના પ્રોફેસર રુડોલ્ફતેને આદિવાસી સંસ્કૃતિના અભ્યાસ માટે ભારત મોકલે છે. નાયકની ટ્રેન નર્મદાના પુલ ઉપરથી પસાર થતાં પહેલીવાર ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટતાનો અનુભવ થાય છે. જ્યારે નાયકની સામેની સીટ પર બેઠેલા માજી ટ્રેનની બારીમાંથી નદીમાં સિક્કો નાખે છે પૈસાને પાણીમાં ફેકતી પ્રજા કદાચ અન્યત્ર નહીં હોય, પણ સમસ્ત ભારતમાં આ પરંપરા છે. જે દ્વારા તે નદીને પૂજનીય ગણે છે. કેમકે પ્રકૃતિની ઉપાસના તે ભારતીય સંસ્કૃતિ છે. સવારે નાયકની આંખ ખુલતા તે જુએ છે કે સામેની બર્થના એક છેડે બેસીને પેલા માજી માળા ફેરવતા હતા અને બીજે છેડે એક યુવક નમાજ અદા કરતો હતો. એક જ બર્થ પર સામસામે છેડે બેસીને બે જુદાજુદા ધર્મના માણસો પોતપોતાની પ્રાર્થના કરે છે તે જોઈને નાયક વિચારે છે. આટઆટલી ભિન્નતાઓ વચ્ચે પણ આ પ્રજા શી રીતે નિરાંતે જીવ્યે જાય છે? અનેક હીન શાસકો, પરદેશી હુમલાખોરો, અયોગ્ય ધર્મગુરુઓ વચ્ચે પણ પોતાના અસ્તિત્વ તેમજ અસ્મિતાને જેવાને તેવા ટકાવી રાખનારી આ પ્રજા પાસે એવો તે કયો જાદુ છે કે જેનાથી આદેશ હજારો વર્ષોથી એક અને અખંડ ટકી રહ્યો છે?

ટ્રેન ઉભી રહેતા 'ખુદાહાફિજ' અને 'જેસીકૃષ્ણ' કહીને બધા છૂટા પડે છે. ટ્રેનમાંથી ઉતરતી વખતે માજી નાયક ને કહે છે 'માં નર્મદા તારી રક્ષા કરે' નાયક મશ્કરીમાં કહે છે 'નદી તે રક્ષા કરે કે ડુબાડે?' અને આ સાંભળી જરાય ગુસ્સે થયા વિના માજી જવાબ આપે છે 'એ તો જેવી જેની ભાવના, બેટા.'આટલા નાનકડા સંવાદમાં નદીની ઉપાસના તેની પૂજા કરતી પ્રજા અને નદી પરની તેની અતૂટ શ્રદ્ધામાં આપણી સંસ્કૃતિના મૂળિયા દેખાય છે. બે રાત્રિની મુસાફરી પછી નાયક જ્યાં પહોંચે છે ત્યાં પણ નર્મદા ને જોઈને કહે, નર્મદા અહીં આટલે દૂર સુધી! નાયકના આશ્ચર્યની અવધિ આવી ગઈ. ત્યારે ગુપ્તાજી કહે છે'ઈહાંતો સબ કુછ નર્મદા જ હૈ'- ગુપ્તાજીના આ વાક્યમાં પણ નર્મદા નદી માટેની શ્રદ્ધા પ્રગટ થાય છે. ગુપ્તાજીના મા સાથે

નાયક બેઠો છે ત્યારે માજીની સ્મૃતિઓ ઉભરાઈ આવે છે. ગુપ્તાજીનો જન્મ,ગુપ્તાજીની બહેનનો જન્મ, માજીના પિતાનો સ્વભાવ, લગ્નો અને માજીના પતિના અવસાન સુધીનો તમામ ઇતિહાસ અને પ્રસંગો તેઓ વાતમાં રજૂ કરી દે છે. અતડાસ્વભાવતો નાયક પણ પ્રથમ વખત જ સાવ અજાણ્યા માજી સમક્ષ પોતાના જીવનનો ઇતિહાસ રજૂ કરી દે છે અને પછી જિંદગીમાં પહેલીવાર હળવાશનો અનુભવ કરે છે. અહીં પણ ભારતીય સંસ્કૃતિમાં રહેલી અજાણ્યાને પણ પોતીકાંગણી સુખદુઃખની વાત કરવાની ભાવના–'વસુધૈવ કુટુંબકમ્' ની ભાવના ઉજાગર થાય છે.

જંગલમાં વસનારા પાત્રોમાં પુરિયા,બિત્તુબંગા, ગંડુફકિર, શાસ્ત્રીજી, ગુપ્તાજી સહિતના અનેક અગવડતાઓ અને અનેક ભારોભાર ગરીબી વચ્ચે પણ સ્વમાનભેર જીવતી આદિવાસી પ્રજાનો એક અનોખો અનુભવ નાયકને થાય છે. તો વળી સુપ્રિયાનું પાત્ર આદર્શ અને સચોટ છે. તે સ્નાતક થયેલી છે. તે નર્મદા તટના હરિખોહમાં"આદિવાસી કલ્યાણ કેન્દ્ર" ચલાવતી હોય છે. તેનું જીવન એ વનવાસીઓને સમર્પિત કરે છે. કિનારા પરના આશ્રમમાં જ્યારે એક પરિક્રમાવાસી આવે છે ત્યારે તેની સગવડ સુપ્રિયા કરે છે. તેને જોઈ નાયક કહે છે, આ શું તેની સગવડ માટે આપણે આટલી બધી તૈયારી કરવાની. ત્યારે સુપ્રિયા કહે છે આ સેવા માટે જ નહીં પરંતુ આપણી પરંપરા જાળવી રાખવા માટે કરવું પડે પરંપરા અને સંસ્કૃતિ ટકાવી રાખવા બધાને કંઈક ને કંઈક તો કરવું જ પડે તેની આ ભાવના જોઈને નાયકને આશ્ચર્ય થાય છે. નવલકથાના બધા જ પાત્રો શરૂઆતથી અંત સુધી લાગણીની એક અલગ સફરે લઈ જાય છે.

બિત્તુબંગાસાથે ફરવા નીકળેલો નાયક બિત્તુબંગાના વર્તનથી આશ્ચર્ય અનુભવે છે. દૂરની ઝાડીઓમાંથી કાલેવાલીમાંઆવી રહી છે. તેની જાણ થતાંબિત્તુબંગા સ્થિરથઈ જાય છે 'આટલે દૂરથી કયાં કોણ જાય છે તે પારખી લેવું હોય તો આ વનોમાં જ જન્મવું પડે, અહીં ઉછરવું પડે'. અહીં પ્રકૃતિ સાથે આદિવાસી પ્રજાનું તાદાત્મ્ય જોઈ શકાય છે. પ્રકૃતિ સાથેની એકરૂપતા તે ભારતીયતા છે.

'તત્વમસિ'નવલકથામાં ભારતીય સંસ્કૃતિને સાચી રીતે સમજીને તેને ઉજાગર કરનાર કોઈ પાત્ર હોય તો તેછે 'ગણેશ શાસ્ત્રી'. તેઓ કહે છે તેમ આપણે મુક્તિના સંતાનો છીએ. આ દેશ આધ્યાત્મ પર ટકે છે, ધર્મ પર નહીં.ઇશ્વરને અહીં જન્મ લેવો પડે છે, આપણી વચ્ચે રહીને આપણા સુખ-દુઃખ અનુભવવા પડે છે. આ દેશના અભણ અને નાનામાં નાના માણસને પણ

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

ખબર છે કે પોતે સ્વયં બ્રહ્મનોજ હિસ્સો છે. આ જગત બ્રહ્મમાંથી ઉત્પન્ન થયું છે અને ત્યાં જ લય પામે છે. આ જ્ઞાન આપણા લોહીમાં છે. અહીં ભારતીયતાનાહાર્દસમા 'અહં બ્રહ્માસ્મિ' અને 'તત્વમસિ'ની જ વાત છે.

'તત્વમસિ'માં જે ભૂ-ભાગનુંઆલેખન થયું છે તે છે નર્મદાનો તટપ્રદેશ. ચોમાસું આવતા આદિવાસી કેન્દ્ર પરપરિક્રમાવાસીઓ રહેવા માટે આવે છે. નાયક જ્યારે પ્રથમ વખત સાંભળે છે કે લોકો નદીની પરિક્રમા કરે છે, એટલું નહીં તેઓ એ શ્રદ્ધા સાથે પરિક્રમા કરે છે કે માં નર્મદા તેમને સાક્ષાત દર્શન આપશે જ ત્યારે તેને આશ્ચર્યથાય છે. નાયક જ્યારે ઉગ્ર મિજાજી પરિક્રમાવાસીને નથી સાચવી શકતો ત્યારે સુપ્રિયા સાથેના વાર્તાલાપમાં ભારતીયતા નજરે ચડે છે. સુપ્રિયા કહે છે,'સુપ્રિયા કે બીજા કોઈ જે આ સેવા કરે છે તે પરિક્રમાવાસી માણસને સાચવવા નથી કરતા, પરિક્રમાને સાચવવા કરે છે'. હજારો વર્ષોથી ચાલી આવતી એક પરંપરાને જાળવવા મારાથી બનતું બધું હું કરીશ. નર્મદાની પરિક્રમા કરતા લોકોની મશ્કરી ઉડાવતો નાયક અંતે પરિક્રમાએ નીકળતા રસ્તામાં કાબાઓ દ્વારા લૂંટાય છે. "ભૂખ્યો તરસ્યો, જીવન નિર્વાહ માટે હવાતિયાં મારતો વસ્ત્રવિહીન પ્રવાસી ઝાડી પાર કરીને નગરમાં પહોંચશે ત્યારે તેના અહમના ચૂરેચૂરા થઈ ગયા હશે. સન્યાસ શું છે? ત્યાગ શું છે? જીવન શું છે? આવા તમામ પ્રશ્નોના જવાબ તેને સ્વયં મળી ગયા હશે".

આવું સચોટ અને સત્યાર્થ ધરાવતુ વર્ણન અને જ્ઞાનના ભાર વગરની ફીલસુફી જ આ નવલકથાનું હાર્દ બની રહે છે. પોતાની પરંપરાથી વિમુખ થઈ ગયેલો નાયક ફરી પાછો પોતાની પરંપરા તરફ વળે છે એ કહેવતની લેખકની રીત વેદની કોઈ ઋચાથી જરા પણ ઉતરતી નથી. અહીં નદીને 'લોકમાતા' ફક્ત કહેવાનું નહીં, અનુભવવાનું અને જીવવાનું સન્માન છે.'તત્વમસિ'આમ જીવનના,સંસ્કૃતિના તાત્વિક અર્થ સુધી પહોંચવાની એક સુંદર સફર છે.

"અહં બ્રહ્માસ્મિ સમજાવા સાથે જ સમજાય છે કે ખરેખર તો 'અહં' જેવું કંઈ જ અસ્તિત્વમાં જ નથી, જે છે તે બધું જ 'તત્વમસિ'છે."

**સંદર્ભ સૂચિ**:

(૧)તત્વમસિ, લે. ધ્રુવ ભટ્ટ પ્રથમ આવૃત્તિ: ૧૯૯૮ગુર્જર સાહિત્ય પ્રકાશન, અમદાવાદ
(૨) પુરસ્કૃત નવલકથા – ગુણવંત વ્યાસ પ્રથમ આવૃતિ: ૨૦૦૮, પાર્શ્વ પબ્લિકેશન,અમદાવાદ.